રાજ્યની જેલોના કેદીઓને આપવામાં આવતા ભોજનના ડાયેટ સ્કેલમાં અને મીઠાઇ-ફરસાણના પ્રમાણમાં ફેરફાર કરવા બાબત

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંકઃ HD/JLK/e-file/8/2024/0181/J

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ૨૦/૦૧/૨૦૨૫

**વંચાણે લીધાઃ**

(૧) ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક: જેઆરસી-૧૦૭૮/૩૦૫(૨)જ, તા.૨૬/૦૭/૧૯૭૯

(૨) ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક: જેઆરસી-૧૦૭૮/૩૦૫(૨)જ, તા.૦૫/૧૧/૨૦૦૪

(૩) ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક:જલક/૨૫૨૦૦૪/૩૬૧૦/જ, તા.૧૫/૦૯/૨૦૦૫

(૪) પોલીસ મહાનિદેશકશ્રી, જેલ અને સુધારાત્મક વહીવટનો તા.૧૮/૧૨/૨૩ ના પત્ર ક્રમાંક: ખાસ/૧/૧૮૫૫/૨૦૨૩, તા.૨૯/૦૪/૨૪ ના પત્ર ક્રમાંક: ખાસ/૧/૬૫૧/૨૦૨૪ તથા તા.૨૯/૦૭/૨૪ ના પત્ર ક્રમાંક: ખાસ/૧/૧૦૪૫/૨૦૨૪

**ઠરાવ:**

ગુજરાત રાજ્યની જેલો માટે, હાલ સંદર્ભ ક્રમાંક:(૧) અને સંદર્ભ ક્રમાંક:(૨) સામે દર્શાવેલ ઠરાવથી કેદીઓને આપવામાં આવતા રોજિંદા ખોરાકનાં પ્રમાણ (Scale) મુકરર કરવામાં આવેલ છે.તેમજ સંદર્ભ ક્રમાંક:(૩) સામે દર્શાવેલ ઠરાવથી રોજિંદા ખોરાક ઉપરાંત ૧૨ તહેવારો, જેમાં દરેક તહેવાર દીઠ રૂ.૧૦.૦૦ના સરકારી ખર્ચે મિઠાઈ તથા દર પંદર દિવસે એક વખત ફરસાણ આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

આ પ્રમાણ મુજબ અપાતા ખોરાકમાં સમયાંતરે મોંઘવારીમાં થતો વધારો તેમજ કેદી સુધારણા અને કેદીઓને ઉત્તમ ખોરાક મળી રહે તે હેતુસર જરૂરી ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થતા નિયત સ્કેલમાં સમીક્ષા કરવા જેલ ખાતાના અધિકારીઓની એક સમિતિની રચના કરવામાં આવેલ. ઉક્ત સમિતિએ કરેલ ભલામણો મુજબ કેદીઓ/આરોપીઓને સાત્વિક અને સારૂ ભોજન મળી રહે તે માટે કેદીઓના ખોરાકના ડાઇટ સ્કેલમાં જરૂરી ફેરફારો કરવાની તેમજ ૧૨ તહેવારો જેમાં દરેક તહેવાર દીઠ રૂ.૧૦.૦૦ના સરકારી ખર્ચે મિઠાઈ તથા દર પંદર દિવસે એક વખત ફરસાણ આપવામાં આવે છે, તેમાં ફેરફાર કરવા અંગેની પોલીસ મહાનિદેશકશ્રી, જેલ અને સુધારાત્મક વહીવટની સંદર્ભ ક્રમાંક: (૪) થી મળેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

જેલ સુધારણા અને કેદીઓની સ્થિતિ સુધારવાના હકારાત્મક અભિગમના ભાગરૂપે આ બાબતે કાળજીપૂર્વક અને પુખ્ત વિચારણાના અંતે, સરકારશ્રી દ્વારા જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રીના નિયંત્રણ હેઠળની રાજ્યની મધ્યસ્થ જેલો, જિલ્લા જેલો, ખાસ જેલો, ખુલ્લી જેલો અને હેડ ક્વાર્ટર સબ-જેલોના જુદા જુદા વર્ગના કેદીઓ/આરોપીઓ તેમજ અટકાયતીઓને હાલમાં અપાતા ખોરાકના જાત અને પ્રમાણમાં નીચે જણાવ્યા મુજબ ફેરફાર કરવાનું ઠરાવે છે.

| ક્રમ | વસ્તુનું નામ | પ્રવર્તમાન સ્કેલ (કિગ્રામાં) | સુધારેલ સ્કેલ (કિગ્રામાં) |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૦.૪૫૦ | ૦.૪૦૦ |
| ૨ | ચોખા | ૦.૧૦૦ | ૦.૧૨૫ |
| ૩ | મગદાળ (ખીચડી માટે) | ૦.૦૫૦ | ૦.૦૩૫ |
| ૪ | તુવેરદાળ (મંગળવાર, ગુરુવાર, શનિવાર) | ૦.૧૦૦ | ૦.૦૮૦ |
| ૫ | ચણાદાળ (સોમવાર,બુધવાર,શુક્રવાર) | ૦.૧૦૦ | ૦.૦૮૦ |
| ૬ | કપાસિયા તેલ | ૦.૦૩૫ | ૦.૦૫૦ |
| ૭ | મસાલો (સુકા આખા ધાણા, હળદર આખી, રાઇ, જીરૂ આખુ) | ૦.૦૦૨ | ૦.૦૦૪ |
| ૮ | સુકુ આખુ લસણ | ૦.૦૦૦૫ | ૦.૦૦૧ |
| ૯ | બેસન (રવિવાર) | ૦.૦૧૫ | ૦.૦૨૦ |
| ૧૦ | ડુંગળી (કચુંબર) | ૦.૦૨૫ | ૦.૦૬૦ (ડુંગળી, ગાજર, મુળા, બીટ, કોબીજ, કાકડી) |
| ૧૧ | આદુ | - | ૦.૦૦૨ |

| | | | |
|---|---|---|---|
| ૧૨ | લીલા મરચા | - | ૦.૦૦૨ |
| ૧૩ | લીલા ધાણા (કોથમીર) | - | ૦.૦૦૧ |

આમ, સંદર્ભ ક્રમાંક: (૧) અને સંદર્ભ ક્રમાંક: (૨)માં દર્શાવેલ ઠરાવથી મુકરર કરેલ ઉપરના કોષ્ટકમાં દર્શાવેલ ચીજવસ્તુઓના સ્કેલમાં સુધારા-વધારા કરવામાં આવે છે અને અન્ય વસ્તુઓના મુકરર થયેલ સ્કેલ યથાવત રહેશે.

વધુમાં, વંચાણે લીધેલ સંદર્ભ ક્રમાંક:(૩) ના ઠરાવથી સરકારી ખર્ચે નીચેના કોષ્ટક-૧માં જણાવ્યા મુજબના ૧૨ (બાર) તહેવારોમાં પ્રત્યેક કેદીને રૂપિયા ૧૦ લેખે મિઠાઇ તથા દર ૧૫ દિવસે પ્રત્યેક કેદીને રૂપિયા ૪.૦૦ લેખે ફરસાણ આપવાનું નિયત થયેલ હતું. કાળજીપુર્વકની વિચારણાને અંતે સદર સ્કેલને લાંબો સમય થઇ ગયેલ હોઈ, તેમજ પ્રવર્તમાન મોંઘવારીને ધ્યાને લેતાં, સદર સ્કેલમાંથી નીચેના કોષ્ટક-૨ની વિગતે ખર્ચની મર્યાદા દુર કરવા તેમજ માત્ર જથ્થો જ સુનિશ્ચિત કરવાનું સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવે છે.

**કોષ્ટક-૧**

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨૬મી જાન્યુઆરી | ૨ | ૧૫મી ઓગસ્ટ |
| ૩ | ૧લી મે (ગુજરાત સ્થાપના દિવસ) | ૪ | ૨જી ઓકટોબર (ગાંધી જયંતી) |
| ૫ | બુધ્ધ પૂર્ણિમા | ૬ | દિવાળી |
| ૭ | હોળી | ૮ | રમઝાન ઈદ |
| ૯ | બકરી ઈદ | ૧૦ | નાતાલ |
| ૧૧ | રક્ષા બંધન | ૧૨ | દશેરા |

**કોષ્ટક-૨**

| પ્રવર્તમાન સ્કેલ | સુધારેલ સ્કેલ | રિમાર્કસ |
|---|---|---|
| ૧૨ (બાર) તહેવારોમા પ્રત્યેક કેદીને રૂપિયા ૧૦ લેખે મિઠાઇ | ૬૦ ગ્રામ | સદર સ્કેલમાથી ખર્ચની મર્યાદા દુર કરવામા આવે છે અને માત્ર ૬૦ ગ્રામ જથ્થો જ સુનિશ્ચિત કરવામાં આવે છે. |
| દર ૧૫ દિવસે પ્રત્યેક કેદીને રૂપિયા ૪.૦૦ લેખે ફરસાણ | ૧૦૦ ગ્રામ | સદર સ્કેલમાથી ખર્ચની મર્યાદા દુર કરવામા આવે છે અને માત્ર ૧૦૦ ગ્રામ જથ્થો જ સુનિશ્ચિત કરવામાં આવે છે. |

આ અંગે થનાર ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર-૨૦૫૬-જેલ, હેઠળ જે તે વર્ષની બજેટ જોગવાઇની મર્યાદામાં કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૨૩/૧૦/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મયુરસિંહ વાઘેલા)

ઉપસચિવ,

ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકૂલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- સર્વે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ. એન્ડ ઈ.), અમદાવાદ/રાજકોટ.

- સર્વે જેલ અધીક્ષકશ્રી (પોલીસ મહાનિદેશક અને જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રી મારફત)
- નાણા સલાહકારશ્રી (ગૃહ) નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (બજેટ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ગૃહ વિભાગ, આર શાખા, સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઇલ / ના.સે.અધિકારી સિલેક્ટ ફાઇલ.


Open the document in Adobe Acrobat DC to verify the E-sign